ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૧/૨૨-૨૩/ e- 106145 તારીખ : 16.03.23

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી કલ્પેશભાઈ ગુણવંતરાય વસાણી,**
**રહે.માણેકપરા, ૫/૯ કોર્નર,**
**મહાલક્ષ્મી ચોક, અમરેલી.**
**જી.અમરેલી.**

કેસ નં.૯૧/૨૨-૨૩

**મો.નં- ૯૯૯૮૧ ૭૨૯૫૬**

**વિષય : અમારા વિજ કનેકશનનું નામ ટ્રાન્સફર કરી આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૮/૦૧/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૯/૦૧/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૧/૨૨-૨૩/૩૨૧ તા.૨૦/૦૧/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૧/૨૨-૨૩/૪૧૧ તા.૩૧/૦૧/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૪/૦૨/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**શહેર વિભાગીય કચેરી-૧, અમરેલી.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **શહેર પેટા વિભાગીય** કચેરી, **અમરેલી.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૯૧/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી કલ્પેશભાઈ ગુણવંતરાય વસાણી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૪/૦૨/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી ગુણવતંરાય અમૃતલાલ વસાણી (વાદી ના પિતા)**

પ્રતિવાદી :– **શ્રી** મંડોરા, નાયબ **ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, અમરેલી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી કલ્પેશભાઈ ગુણવંતરાય વસાણી, મું.અમરેલી, જી.અમરેલીની અમારા વિજ કનેકશનનું નામ ટ્રાન્સફર કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૧/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૧/૨૨–૨૩/૩૨૧ તા.૨૦/૦૧/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા <u>તા.૧૪/૦૨/૨૦૨૩</u> ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી કલ્પેશભાઈ ગુણવંતરાય વસાણી વતી તેમના પિતાશ્રી ગુણવંતરાય અમૃતલાલ વસાણી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી **શ્રી** મંડોરા, નાયબ **ઈજનેર,** ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, અમરેલી ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ જયભારત સાથ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, અમો ગ્રાહક ઉપરોકત દર્શાવેલ સરનામે રહીએ છીએ.

તા.૧૦/૦૮/૨૦૨૨ ના રોજ અમોએ ઉપરોકત મકાન બેંક ઓફ પંજાબ પાસેથી હરરાજીથી લીધેલ છે. જેમાં, નામ ટ્રાન્સફર કરવા માટે અરજી તથા તમામ માંગેલ ડોકયુમેન્ટ પીજીવીસીએલ કચેરી, ટાઉન અમરેલીને આપેલ છે. ૬૦ દિવસનો ટાઈમ વીતી ગયેલ. અમોએ તા.૦૯/૧૧/૨૦૨૨ ના રોજ રજી.એડી થી ઓફીસને રીમાઈન્ડર કરેલ છતાં, આજદિન સુધી કોઈપણ પ્રકારનો લેટર તથા કોટેશન મોકલેલ નથી.

૧.૨ (૧) અમારી આ મિલ્કત અમરેલી ગામમાં માણેકપરા, શેરી નં–૫/૯ કોર્નર ઉપર, સીટી સર્વે નં–૯૬/૧ માં પ્લોટ નં–૧૭૪ પૈકીમાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(૨) અમોએ આ મિલ્કત સંભાળતા બાકી બિલની રકમ તથા રીકનેકશન ચાર્જ તા.૦૨/૦૮/૨૦૨૧ ના રોજ પહોંચ નં–૭૩૧૩૦૯ તથા ૭૩૧૩૧૦ થી ભરી આપેલ છે.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆત** :– **ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય સાથ આપને જણાવવાનું કે, વાદી દ્વારા અત્રેની કચેરીએ તમારા દ્વારા માણેકપરા શેરી નં–૯, મહાલક્ષ્મી ચોક, અમરેલી ખાતે કનૈયાલાલ જીવનલાલ ટાંકના નામે ગ્રાહક નં–૮૩૧૦૧/૦૩૮૧૨/૦ થી નોંધાયેલ કનેકશન તેમના નામે નામ ફેર કરવા માટે અત્રે અરજી કરેલ છે. તેમાં જણાવવાનું કે, શ્રી કનૈયાલાલ જીવનલાલ ટાંકના નામે અત્રેની કચેરીમાં દિવાની દાવો નં–૪૦૯/૧૯ થી રૂા.૨૧,૨૮૨/૮૫ નો દિવાની દાવો કોર્ટમા દાખલ કરેલ હોય, આ સાથે જોડેલ કંપનીના સપ્લાય કોડની કલમ–૪.૩૦ અન્વયે મિલ્કત લેનાર અથવા વેંચનાર ના નામે કંપનીના કાર્યક્ષેત્ર હેઠળ કોઈ લેણું બાકી હોય, અને માટે લીગલ કાર્યવાહી કરેલ હોય, ઉકત આ રકમ ભરપાઈ થયે, અથવા કોર્ટ રાહે વસુલાયેથી આ નામ ફેરની કાર્યવાહી કરી શકાશે. જે આપની જાણ સારૂં.

☞ **ફોરમનું તારણ** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શ્રી કલ્પેશભાઈ ગુણવંતરાઈ વસાણી, અમરેલી દ્વારા તેમના વીજ કને. ન. ૮૩૧૦૧/૦૩૮૧૨/૦ નો પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા જુનું લેણું બાકી હોવાનો પ્રશ્ન ઉપસ્થિત કરી નામ ફેરફાર ન કરી આપવા અંગેની રજૂઆત ફોરમને કરેલ છે.

3.૨ આજરોજ તા. ૧૪.૦૨.૨૩ ની રૂબરૂ સુનાવણીમાં પ્રતિવાદીના તથા વાદીના પ્રતિનિધીઓ હાજર રહી પોતાની રજુઅતો કરેલ છે.

3.3 આ તબક્કે ફોરમને જણાય છે કે વાદી દ્વારા તેમનું હાલ ના રહેણાંકના મકાનનો કબજો બેંક હરારજી મારફત મેળવેલ છે જે અગાઉ શ્રી કનેયાલાલ જીવણલાલ ટાંક ના નામે હતું અને તે કનેક્શનના વીજ બીલ ની રકમ નિયમિત ભરવામાં આવે છે. પરંતુ શ્રી કનેયાલાલ જીવણલાલ ટાંકના નામનું અન્ય એક એન.આર.જી.પી. ૮ કી.વો. નું કનેક્શન ન. ૮૩૧૦૧/૦૫૩૦૨/૧ હયાત હતું જે પેસા ભરપાઈ ન થવાને કારણે તા. ૨૮.૦૨.૧૯ના રોજ કાયમી ધોરણે કપાત થયેલ છે અને તે રકમની વસુલાત અંગે પ્રતિવાદી દ્વારા રૂ. ૨૧,૨૮૨=૮૫ ની રકમ નો સિવિલ સ્યુટ દાખલ કરવામાં આવેલ છે જે હાલ નામદાર કોર્ટમાં પડતર છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૪ જી.ઈ.આર.સી. ના નોટીફીકેશન ન. ૪/૨૦૧૫ અને સપ્લાય કોડના ક્લોઝ ન. ૪.30 મુજબ " મિલકત લેનાર અથવા મિલકત વેચનાર ના નામે કંપનીના કાર્યક્ષેત્ર હેઠળ કોઈ બાકી લેણું હોય અને લીગલ કાર્યવાહી કરેલ હોઈ તો આ રકમ ભરપાઈ થયે અથવા કોર્ટ રાહે વસુલ આવ્યે થી આગળની નામ ફેરફારની કાર્યવાહી થઈ શકશે,:"

૩.૫ પ્રસ્તુત કેસમાં હાલના અરજદારશ્રી નું વીજ કનેક્શન ન. ૮૩૧૦૧/૦૩૮૧૨/૦ શ્રી કનૈયાલાલ જીવણલાલ ટાંકના નામે છે જેના નામ પર અન્ય કનેક્શન નંબર ૮૩૧૦૧/૦૫૩૦૨/૧ નું લેણું બાકી હોઈ, કોર્ટ કેસ પડતર છે આવા સંજોગોમાં પ્રતિવાદી દ્વારા હાલના કનેક્શનની નામ ફેરફારની કાર્યવાહી અંગે જી.ઈ.આર.સી. ના સપ્લાય કોડ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે, આમ વાદીની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી, અને અરજીનો નીકાલ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં "૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ-૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :- ૧૪/૦૨/૨૦૨૩.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar